**ક્રિ.કેસ નં.૨૦૦૪૯૮/૨૦૦૩**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

૧. કેસનું રેકર્ડ વંચાણે લીધુ. ફરિયાદપક્ષે વિ.કંપની પ્રોસિકયુટરશ્રીને સાંભળ્યા.

૨. આરોપીઓ સામે ફરીયાદપક્ષે હાલની ફરિયાદ રજુ કર્યા બાદ સદર કામના **આરોપી નં.૨, ૪, ૬, ૯, ૧૦, ૧૨, ૧૩** નાઓએ હાજર થઈ, ગુનો કબુલ કરતા તેઓને નામદાર કોર્ટ ધ્વારા કાયદા મુજબ યોગ્ય દંડ કરી તેઓની સામેનો કેસ ફેંસલ કરવામાં આવેલ છે. જયારે સદર કામના **આરોપી નં.૩, ૮** નાઓ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન મરણ ગયેલ હોય તેઓને સદર કામેથી **એબેટ** કરવામાં આવેલ છે. સદર કામના **આરોપી નં.૭** ને સદર કામેથી ડીસ્ચાર્જ કરવામાં આવેલ છે. જયારે સદર કામના **આરોપી નં.૧, ૫, ૧૧ અને ૧૪** નાઓને વાંરવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરતા **આરોપી નં.૧, ૫, ૧૧ અને ૧૪** ને સમન્સ/વોરંટની બજવણી કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આ કામ સમન્સ ટ્રાયેબલ પધ્ધતીથી ચલાવવાનું હોઈ, તેના ઉપર સમન્સ ટ્રાયલની જોગવાઈ લાગુ પડે છે. આરોપીઓ નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા નથી તેમજ ના. ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.ડી/૨૯૧૭/૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ ને ઘ્યાને લેતા, આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો તેના તાર્કિક અંત સુધી જઈ શકાય તેમ નથી. કેસ રેકર્ડ જોતા આરોપીઓ મળી શકે તેવી શકયતા જણાતી નથી. વધુમાં **પ્રમોદ કુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો A.I.R. 2002, 1856** નો ચુકાદો ઘ્યાને લેતા, જે તે કોર્ટ જ નિર્ણય લઈ શકે કે કયા કેસમાં કલમ–૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. જેથી સદરહુ કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયીક જણાતો ન હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>::: હુ ક મ :::</u>**

(૧) આ કામના **આરોપી નં.૧, ૫, ૧૧ અને ૧૪** સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે હાલના કેસની કાર્યવાહી બંધ (સ્ટોપ પ્રોસીડીંગ) કરી **આરોપી નં.૧, ૫, ૧૧ અને ૧૪** નાઓને આ કામે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપીઓ પાછળથી પકડાઈ આવે તો તેની ઉપર આ કામનું તહોમત મુકી કાર્યવાહી કરવા માટે ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૦૦(૫) મુજબની પરવાનગી આપવામાં આવે છે, જે માટે આ અદાલતની ફરીથી પરવાનગી જે–તે સમયે લેવાની જરૂર રહેશે નહીં.

– **સદર કામ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજરોજ લો.અ./ સ્પેશયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
અમદાવાદ(સીટી).
(લો.અ.–સ્પે.સીટીંગ)

(ડી.એચ.ખંભાતી)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૬)